જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૦/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૬૩/૧૭

## સરદારનગર પોલીસ સ્ટેશન

આજરોજ તા.૨૫/૧૦/૨૦૭ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સરદારનગર પો.સ્ટે ના માર્ગદર્શન હેઠળ પ્રો.પો.સબ.ઇન્સ. ડી.કે.મોરી તથા હે.કો. જીવણભાઈ મેઘજીભાઈ બ.ન.૭૫૫૦ તથા પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિહ બ.ન.૪૮૯૭ તથા પો.કો.શકિતસિહ લાલુભા બ.ન.૩૧૨૯ તથા પો.કો.વિક્રમસિહ સુખદેવસિહ બ.ન.૬૨૧૯ તથ પો.કો.સંદિપસિહ કેદરસિહ બ.ન.૩૫૦૩ તથા પો.કો.દર્શનસિહ પ્રવિણસિહ બ.ન.૬૧૫૬ નાઓ સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક-૨૨/૩૦ વાગે કુબેરનગર રેલ્વે ક્રોસીગ પાસે આવતા સાથેના પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિહ નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે છારાનગર ફ્રી કોલોની છારાનગર માં રહેતી પ્રિતિકાબેન અશ્વિનભાઈ નાની પોતાના રહેણાંક મકાન મા કેટલીક પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે.જે મતલબની બાતમી હકીકત અમોને આપતા અમોએ તુરતજ સદર બાતમી હકીકત આધારે રસ્તે જતા બે પંચોના માણસો બોલાવી પંચોને ઉપરોક્ત હકિકતથી વાકેફ કરતા પંચોએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવતા પંચો તથા સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ ખરાઇ કરી રેઇડ કરતાં મકાનમાં પ્રિતિકાબેન અશ્વિનભાઈ ઈન્દ્રેકર ઉ.વ.૪૩ રહે.ફ્રી કોલોની છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર નાની હાજર મળી આવેલ જેને સાથે રાખી મકાનમાં ઝડતી તપાસ કરતાં વગર પાસ-પરમીટ નો અલગ અલગ બ્રાંડનો તમામ પરપ્રાંતીય ઇગ્લીશદારૂ-બીયર ટીન મળી કુલ્લે નંગ ૧૨૩ ની કુલ્લે કિંમત રૂ.૨૮,૨૦૦/- નો મુદ્દામાલ મળી આવતા સદરી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી પ્રોહિબીશન નો ગણનાપાત્ર ગુનો શોધી પ્રંશસનીય કામગીરી કરવામા આવેલ છે.

## <u>સુરક્ષા સેતુ રથ:</u>

પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીપાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.